# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ ૩૨૫૭-૧ | તારીખ : ૦૬ - ૦૫ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

રમણીકભાઈ મોહનભાઈ બજાણીયા

C/o. જયેશભાઈ રમણીકભાઈ બજાણીયા, પોસ્ટ: સરા, વાયા: ધ્રાંગધ્રા,

મું. પો. : રાયસંગપર (જુના), તા. : મુળી, જી. : સુરેન્દ્રનગર ,

પીન કોડ. : ૩૬૩૩૧૦

મોબાઈલ : ૯૯૦૯૪૦૧૭૧૭

વિષય : ઓડીટ પેરા મુજબ બાકી નીકળેલ રકમની વસુલાત બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૮-૦૨-૨૦૨૨.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૩/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, હળવદ.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, સરા.

## પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૩/ક્વા-૪/૨૧-૨૨/ તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૦૯/ક્વા-૪/૨૧-૨૨**

| | |
|---|---|
| અરજદાર | :રમણીકભાઈ મોહનભાઈ બજાણીયા ગામ: રાયસંગપર (જુના) |
| પેટાવિભાગીય કચેરી | :સરા |
| રજૂઆત કરનાર | :અરજદાર વતી તેમના પ્રતિનિધિ તરીકે જયેશભાઈ રમણીકભાઈ બજાણીયા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, હળવદ |
| રજૂઆત કરનાર | : શ્રી કે.ડી.નીનામા, કાર્યપાલક ઈજનેર,વિભાગીય કચેરી, હળવદ હાજર રહેલ છે. |

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | -શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય (સ્વતંત્ર) | -શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, મોરબી |
| તારીખ | : ૨૮-૦૪-૨૦૨૨ (ગુરૂવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૪-૦૩-૨૦૨૨ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર વતી તેમના પ્રતિનિધિ તરીકે શ્રી જયેશભાઈ રમણીકભાઈ બજાણીયા હાજર રહેલ હતા અને પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી શ્રી કે.ડી.નીનામા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી –હળવદ હાજર રહેલ હતા. સદર સુનાવણી દરમ્યાન અરજદારના સ્થળ તપાસની વિગતો રજુ કરવા ફોરમ દ્વારા પી.જી.વી.સી.એલ. પક્ષકાર ને સુચના આપવામાં આવેલ. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા.૨૮-૦૪-૨૦૨૨ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજૂઆતમાં જણાવે છે કે તેઓ ગ્રાહક નં.૭૨૮૪૫/૦૧૦૪૨/૭ થી A2 કેટેગરી હેઠળ ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં સંલગ્ન પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારને તા.૦૮.૧૨.૨૦૨૧ ના રોજ ઓડીટ રીકવરી મુજબ બાકી નીકળતી રકમ રૂ.૩૫૬૬૩.૪૦ ભરપાઈ કરી આપવા માટે નોટીસ આપેલ છે. પરંતુ અરજદાર જણાવે છે કે સદર રીકવરીપાત્ર રકમ અરજદાર ગ્રાહકના નિયમિત

વપરાશ કરતા વધુ હોય સદર બાબતે યોગ્ય કરવા અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ છે કે હળવદ વિભાગીય કચેરી હેઠળ આવતા સરા પેટાવિભાગીય કચેરીના અરજદારશ્રી રમણીકભાઈ મોહનભાઇ બજાણીયા ગ્રાહક નંબર ૭૨૮૪૫/૦૧૦૪૨/૭ ગામ: જુના-રાયસંગપર ખાતે ખેતીવાડી હેતુનું A2 ટેરીફનું વીજજોડાણ તારીખ.૨૪.૦૨.૨૦૦૩ થી ધરાવે છે.

૩.૧ સદર વીજજોડાણનું મીટર બળી જતા સરા પેટાવિભાગીય કચેરી દ્વારા પ્રફોર્માં નં-૨૫૭૦૪ થી તા.૧૬.૧૦.૨૦૧૯ ના રોજ મીટર બદલવામાં આવેલ હતું તેમજ ગ્રાહકને નાયબ ઈજનેર પેટાવિભાગીય કચેરી સરા દ્વારા તેઓનું મીટર મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં ચકાસણી કરવાનું થતું હોઈ લેબોરેટરીમાં હાજર રહેવા માટે નોટીસ નં ૪૫૦૩ થી તા.૧૮.૧૧.૨૨૦૧૯ ના રોજ (૧) તા.૧૬.૧૨.૨૦૧૯ (૨) તા.૧૭.૧૨.૨૦૧૯ (૩) તા.૧૮.૧૨.૨૦૧૯ એમ ત્રણ સળંગ તારીખ આપી જાણ કરવામાં આવેલ હતી. પરંતુ અરજદાર સદર તારીખ પૈકી એકપણ તારીખમાં લેબ પરીક્ષણ માટે હાજર ન રહેતા તા.૧૪.૦૫.૨૦૨૦ ના રોજ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં લેબ પરીક્ષણ માટે એક તરફી નિર્ણય લઇ તેઓના પેપર પેક મીટરનું નાયબ ઈજનેર પેટાવિભાગીય કચેરી સરા દ્વારા લેબોરેટરીના સ્ટાફની હાજરીમાં સદર પેપર પેક ખોલીને ચકાસણી કરતા સદર મીટરનો બ્લોક બળેલ માલુમ પડેલ હતો.

૩.૨ સદર મીટરને સિંગલ ફેઝ પાવર આપી તપાસ કરતા મીટરની ડિસ્પ્લે ચાલુ હોવાથી તેમાં નોંધાયેલ છેલ્લા યુનીટ ૮૮૫૯૪ KWH જોવા મળેલ હતા જેની નોંધ લેબ ચકાસણી શીટમાં કરવામાં આવેલ હતી. વધુમાં મોરબી વર્તુળ કચેરી ઓડીટ ટીમ દ્વારા માહે નવેમ્બર મહિનામાં સરા પેટા વિભાગીય કચેરીનું તા.૧૯.૧૧.૨૦૨૧ થી તા.૩૦.૧૧.૨૦૨૧ સુધી માહે એપ્રિલ ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૦ ના વર્ષ માટે કરવામાં આવેલ આંતરીક ઓડીટ દરમ્યાન ઓડીટ ટીમ દ્વારા લેબ રીપોર્ટનો અભ્યાસ કરતા સદર ગ્રાહક શ્રી રમણીકભાઈ ગોરધનભાઈ બજાણીયાના ગ્રાહક નં ૭૨૮૪૫/૦૧૦૪૨/૭ વાળા વીજજોડાણમાં લગાવેલ ખેતીવાડી મીટર વર્ષ-૨૦૧૯માં બળી જતા બદલાવેલ હતું જે મીટરની લેબોરેટરીમાં ચકાસણી સમયે ચેકિંગ શીટમાં ૮૮૫૯૪ યુનીટ નોંધેલ હતા, પરંતુ જે તે સમયે સદર ગ્રાહકના લેઝરમાં નોધાયેલ છેલ્લા યુનીટ ૨૯૧૫૫ KWH હોઈ લેબ રીપોર્ટમાં નોંધાયેલ યુનીટ મુજબ ૫૯૪૩૯ KWH તફાવત માલુમ પડેલ હતો જે વીજબીલ ચાર્જ પેટે સદર ગ્રાહકના ખાતે ઉધારવામાં આવેલ ન હતો જેથી સદર ભૂલ બાબતની રીકવરી ઓડીટ ટીમ દ્વારા ઓડીટ રીપોર્ટ MCO/Audit Report/Sara sdn/૬૨૫૧ તા.૦૨.૧૨.૨૦૨૧ માં દર્શાવેલ હોઈ નાયબ ઈજનેર સરા દ્વારા સદર ગ્રાહકને ઓડીટમાં નીકળેલ પેન્ડીગ યુનીટના નાણા ભરપાઈ કરવા બાબતની નોટીસ કચેરીના જાવક નં.૫૧૬૭ તા.૦૮.૧૨.૨૦૨૧ થી RPAD મારફત જાણ કરવામાં આવેલ હતી જે નોટીસ ગ્રાહકને મળ્યાની રીસીપ્ટ ફોરમ સમક્ષ રજુ કરેલ છે. તેમજ અરજદાર સદર નોટીસ લઇ ઓફીસ આવતા પેટાવિભાગીય કચેરી દ્વારા સદર પેન્ડીગ યુનીટના રીકવરી ચાર્જની સમજ સદર ગ્રાહકને આપવામાં આવેલ હતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૩.૩ વિશેષમાં અરજદારને ઓડીટપારા મુજબ રીકવરીના નાણા ભરપાઈ કરવા આપવામાં આવેલ નોટીસ મુજબની રકમ ખરેખર અરજદાર દ્વારા કરવામાં આવેલ વીજવપરાશ મુજબની હોય સદર બાબતે પેટા વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી કંપનીના નિયમ અનુસાર યોગ્ય છે.

૩.૪ સદર કેસની સુનાવણી વર્તુળ કચેરી મોરબી ખાતે તા.૦૪-૦૩-૨૦૨૨ (શુક્રવાર)ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં ફોરમ દ્વારા અપાયેલ સુચના મુજબ જરૂરી આધાર-પુરાવા લેખિત પત્ર તા.૧૮-૦૪-૨૦૨૨ થી ફોરમ

સમક્ષ રજુ કરેલ છે તે મુજબ સદર ગ્રાહક ને ત્યાં હાલમાં મીટર નં **PT-523931** નો એમ.આર.આઈ. અહેવાલ તેમજ સદર વીજજોડાણનો ચેકિંગ રીપોર્ટ અને વિશેષ રજૂઆત તા.૨૭-૦૪-૨૨ થી ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૩.૫ સદર કેસની સુનાવણી તા.૨૮-૦૪-૨૦૨૨ દરમ્યાન પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા મૌખિક જણાવેલ કે અરજદારને આપવામાં આવેલ ૦૩ તારીખો (તા.૧૬.૧૨.૨૦૧૯, તા.૧૭.૧૨.૨૦૧૯, તા.૧૮.૧૨.૨૦૧૯) માં તેઓ લેબોરેટરી ચકાસણી માટે હાજર રહેલ ન હતા, ત્યારબાદ કોવીડ-૧૯ ની વૈશ્વિક મહામારીના કારણે તા.૨૨.૦૩.૨૦૨૦ થી તા.૧૭.૦૫.૨૦૨૦ સુધી સરકારશ્રી દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવેલ હતું આવા કારણોસર સદર મીટરની લેબોરેટરીમાં ચકાસણીમાં મોડું થયેલ હતું.

## :: હુકમ ::

૪.૦ અરજદારે અને સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી રમણીકભાઈ મોહનભાઇ બજાણીયા સરા પેટાવિભાગીય કચેરી હેઠળ ગામ: જુના-રાયસંગપર ખાતે ગ્રાહક નંબર ૭૨૮૪૫/૦૧૦૪૨/૭ થી ખેતીવાડી હેતુનું A2 ટેરીફનું વીજજોડાણ તારીખ: ૨૪.૦૨.૨૦૦૩ થી ધરાવે છે. અરજદારની રજૂઆત મુજબ તેઓને પી.જી.વી.સી.એલ.ની સરા પેટાવિભાગીય કચેરીના પત્ર તા.૦૮.૧૨.૨૦૨૧ મુજબ સદર વીજજોડાણમાં ઓડીટ રીકવરી રૂ.૩૫૬૬૩/૪૦ ભરપાઈ કરવા જણાવેલ પરંતુ સદર રકમ સરેરાશ વીજવપરાશ કરતા ખુબજ વધારે હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત મુદ્દા નં ૪.૧ મુજબ પી.જી.વી.સી.એલ. દ્વારા રજુ કરેલ અરજદારના સદર વીજજોડાણનું વીજમીટર બળી ગયેલ હોવાથી તા.૧૬-૧૦-૨૦૧૯ ના રોજ પ્રફોર્માં ૧૫ નં- **HLDO** ૨૫૭૦૪ તા.૧૬.૧૦.૨૦૧૯ મુજબ જુના મીટરની વિગતમાં બી.એમ.સી. અને મીટરની માહિતી અવાચ્ય નોંધાયેલ છે તેમજ નવું મીટર **GENUS** કંપનીનું સીરીયલ નં **PT 251434**, ૧૦-૬૦ એમ્પીયર અને રીડીંગ ૦૦૦ **KWH** થી મુકેલ છે.

૪.૩ અરજદારના સદર જુના મીટરની ચકાસણી માટે મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં (૧) તા.૧૬.૧૨.૨૦૧૯ (૨) તા.૧૭.૧૨.૨૦૧૯ (3) તા.૧૮.૧૨.૨૦૧૯ ના દિવસે હાજર રહેવા જણાવેલ તેમજ સદર સમયે હાજર રહેવામાં નિષ્ફળ રહેશે તો સદર મીટરનું પરીક્ષણ એકતરફી કરવામાં આવશે અને તેનું પરીણામ ગ્રાહકને માન્ય રહેશે તેવી નોંધ પી.જી.વી.સી.એલ.ના પત્ર નં – ૪૫૦૩ તા.૧૮.૧૧.૨૦૧૯ માં કરેલ છે. અરજદારને જણાવેલ સદર તારીખોમાં તેઓ હાજર ન રહેતા પી.જી.વી.સી.એલ. દ્વારા સદર મીટરની ચકાસણી મીટર ટેસ્ટીંગ લેબોરેટરી હળવદ ખાતે તા.૧૪.૦૫.૨૦૨૦ ના રોજ એકતરફી કરાયેલ જેના રીપોર્ટ મુજબ મીટર નં – **979269** કેપેસીટી **10- 60 Amp** ને પાવર સપ્લાય આપતા રીડીંગ ૮૮૫૯૪ **KWH** નોધાયેલ છે તેમજ સદર મીટર બળી ગયેલ છે અને નિયમ અનુસાર બી.એમ.સી. ચાર્જ વસુલ કરવો.

૪.૪ પી.જી.વી.સી.એલ.ની ઇન્ટરનલ ઓડિટ ટીમ દ્વારા સરા પેટાવિભાગીય કચેરીના નાણાકીય વર્ષ માહે એપ્રિલ-૨૦૧૯ થી માર્ચ-૨૦૨૦ નું ઓડીટ તા.૧૯-૧૧-૨૦૨૧ થી તા.૩૦-૧૧-૨૦૨૧ દરમ્યાન કરાયેલ જેનો રીપોર્ટ પત્ર નં – ૬૨૫૧ તા.૦૨-૧૨-૨૦૨૧ થી સરા પેટાવિભાગીય કચેરીને આપેલ છે જેના બીડાણના પત્રકમાં સીરીયલ નં–૫૨ માં નીચે મુજબ નોંધ થયેલ છે.

- ગ્રાહકનં ૭૨૮૪૫/૦૧૦૪૨/૭ માં ૨૫ હોપા વીજભાર A2 ટેરીફ
- મીટર બદલ્યા તારીખ :૧૬.૧૦.૨૦૧૯
- લેબોરેટરીમાં મીટર ટેસ્ટીંગ તા.૧૪.૦૫.૨૦૨૦ તે મુજબ મીટરમાં નોંધાયેલ છેલ્લા રીડીંગ – ૮૮૫૯૪
- મીટર બદલ્યા પહેલા બિલીંગ માહે જુલાઈ-ઓગષ્ટ-૨૦૧૯ તા.૧૨.૦૯.૨૦૧૯ મુજબ હાલના રીડીંગ ૨૯૧૫૫ અને પાછલા રીડીંગ ૨૮૫૦૪ મુજબ ૬૫૧ યુનીટનું બીલ અપાયેલ છે તે મુજબ ૫૯૪૩૯ યુનીટ (૮૮૫૯૪-૨૯૧૫૫=૫૯૪૩૯) ની રીકવરી રૂ.૩૫૬૬૩/૪૦ બતાવેલ છે.

૪.૫ ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા ઓડિટ પારા મુજબ બાકી નીકળતી રકમ રૂ.૩૫૬૬૩/૪૦ દિવસ-૦૭ માં ભરપાઈ કરવા અરજદારને સરા પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નં -૫૧૬૭ તા.૦૮-૧૨-૨૦૨૧ થી રજીસ્ટર એડી ટપાલથી મોકલાવેલ છે જે અન્વયે અરજદાર દ્વારા લેખિત રજૂઆત તા.૧૦.૦૨.૨૦૨૨ થી સદર પેટાવિભાગીય કચેરીમાં કરેલ છે તે મુજબ સદર રકમ તેઓના વીજજોડાણના વપરાશ મુજબ ન હોય યોગ્ય નિકાલ કરવા વિનંતી કરેલ છે. સદર બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા યોગ્ય કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ તા.૧૮.૦૨.૨૦૨૨ થી લેખિત રજૂઆત આપેલ છે.

૪.૬ પી.જી.વી.સી.એલ. દ્વારા સદર અરજદારના વીજ વપરાશની વિગત પી.આર.ટી.-૧૪૫ મુજબ નીચે પ્રમાણે નોંધાયેલ છે. (કોષ્ટક-૧)

| Month / Yr. | 2018 | | | | 2019 | | | | 2020 | | | | 2021 | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | P.R. | Diff. KWh | Meter Status | C.R. | P.R. | Diff. KWh | Meter Status | C.R. | P.R. | Diff. KWh | Meter Status | C.R. | P.R. | Diff. KWh | Meter Status |
| JAN-FEB | 26610 | 24067 | 2543 | | 17777 | 6400 | 11377 | | 14700 | 8192 | 6508 | | 27970 | 22140 | 5830 | |
| MAR-APR | 31270 | 26610 | 4660 | | 22287 | 17777 | 4510 | | 14700 | 14700 | 4900 | N | 35320 | 27970 | 7350 | |
| MAY-JUN | 34170 | 31270 | 2900 | | 28504 | 22287 | 6217 | | 18724 | 14700 | 4024 | | 35320 | 35320 | 5270 | N |
| JUL-AUG | 35170 | 34170 | 1000 | | 29155 | 28504 | 651 | | 18900 | 18724 | 176 | | 3913 | 35320 | 3912 | C |
| SEP-OCT | 6400 | 35170 | 6400 | C | 1494 | 29155 | 1494 | C | 19500 | 18900 | 600 | | 5147 | 3913 | 1234 | |
| NOV-DEC | 10660 | 6400 | 4260 | | 8192 | 1494 | 6698 | | 22140 | 19500 | 2640 | | 5147 | 5147 | 2820 | N |

વધુમાં ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે માહે જુલાઈ-ઓગસ્ટ-૨૦૧૯ નું બીલ મીટર રીડર દ્વારા રીડીંગ મુજબ અપાયેલ છે ત્યારબાદ મીટર બળી જતા તા.૧૬.૧૦.૨૦૧૯ થી મીટર બદલાવેલ છે ત્યારબાદ માહે સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૧૯ નું વીજબીલ મીટર ચેન્જ સ્થિતિમાં જુના મીટરના રીડીંગ અવાચ્ય હોય નવા મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ જ બીલ અપાયેલ છે.

૪.૭ સદર કેસમાં, ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ થી ૪.૫ મુજબની વિગતે વિવાદિત મીટર અન્વયે નીચે મુજબ તારણ આવે છે.

- મીટર નં – **979269** બળી ગયેલ હોવાથી પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૧૬.૧૦.૨૦૧૯ થી બદલેલ
- ત્યારબાદ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૧૪.૦૫.૨૦૨૦ ના રોજ સદર મીટરની ચકાસણી કરવામાં આવેલ હતી (તા.૧૬.૧૦.૨૦૧૯ થી તા.૧૪.૦૫.૨૦૨૦ સુધી એટલેકે આશરે ૦૭ માસનો વિલંબ)
- ત્યારબાદ અરજદારને તા.૦૮.૧૨.૨૦૨૧ ના રોજ ઓડીટ રીકવરી મુજબ બાકી નીકળતી રકમ રૂ.૩૫૬૬૩.૪૦ (તા.૧૪.૦૫.૨૦૨૦ થી તા.૦૮.૧૨.૨૦૨૧ સુધીના એટલેકે ૧૯ માસનો વિલંબ)

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૬ મુજબની વિગતે તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકારની રજૂઆત મુદ્દા નં ૩.૪ મુજબ સદર અરજદારનું વીજમીટર બળી ગયેલ હોવાના કારણોસર તા.૧૬.૧૦.૨૦૧૯ તા.૦૫.૦૭.૨૦૨૧ અને તા.૦૧.૦૧.૨૦૨૨ થી બદલાવેલ છે જેની વિગત નીચે મુજબ છે. (કોષ્ટક-૨)

| મીટર નં | મીટર બદલી તારીખ | લેબ રીપોર્ટ નોંધ | MD in KW |
|---|---|---|---|
| 979269 | 16.10.2019 | Burnt Meter, Reading 88594 KWh | -- |
| 251434 | 05.07.2021 | Burnt Meter, Reading 35796.9 KWh, MRI Downloaded | 34.49 KW (46.21 HP) |
| 509623 | 01.01.2022 | Burnt Meter, Display off & MRI can't obtain | -- |
| 523931 | .......... | As per checking Sheet No.6070 Dt:16.03.2022 MRI Downloaded | 30.08 KW (40.31 HP) |

ઉપરોક્ત વિગતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારના પ્રતિનિધિની હાજરીમાં સદર વીજજોડાણના વીજસ્થાપનની ચકાસણી તા.૧૬.૦૩.૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે તેમાં નોંધાયેલ ટેકનીકલ પેરામીટર નીચે મુજબ છે. (કોષ્ટક-૩)

| | |
|---|---|
| Meter Make & Serial No. | HPL- 5223931, 10-60 A |
| Contract Demand | 25 HP (18.64 KW) |
| Connected Load | 32.85 HP (24.52 KW) |
| Instant Current | R-45.62 A, Y-44.42 A, B-45.87 A |
| Instant Voltage | R-245.8 V, Y-244.22 V, B-236.29 V |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં ૪.૮ના (કોષ્ટક-૨) મુજબ અને અરજદારના વીજવપરાશની વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારના સદર વીજજોડાણના મીટર વર્ષ-૨૦૧૭ થી વર્ષ-૨૦૨૨ સુધીમાં વધારે વીજલોડ વાપરવાના કારણોસર ૦૫ (પાંચ) વખત મીટર બળી જવાના કારણોસર મીટર બદલાવેલ છે તેમજ મીટર સીરીયલ નં ૨૫૧૪૩૪ અને ૫૨૩૯૩૧ ના એમ.આર.આઈ. અહેવાલના અભ્યાસ કરતા પણ સ્પષ્ટ થાય છે કે અરજદાર દ્વારા તેઓના કરારિત વીજભાર **25 HP** ની સામે **46.21 HP** સુધી વીજલોડનો વપરાશ કરેલ છે જે અનુસંધાને વર્ષ-૨૦૧૯ અને ત્યારબાદ માં અરજદાર દ્વારા તેઓના હયાત કરારિત વીજભારમાં વીજલોડ વધારો નહિ કરવાના કારણે અરજદારના જોડાણના સદર મીટરો બળી ગયેલ હોય તેમ જણાય છે.

સદર બાબતે અરજદાર દ્વારા તેઓનો કરારિત વીજભાર નિયમિત કરવા અંગેની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા પણ સદર બાબતે વારંવાર મીટર બળી જવાના કારણોનો અભ્યાસ કરેલ નથી.

૪.૧૦ અરજદારના સવાલવાળા મીટરના લેબોરેટરી રીપોર્ટ તા.૧૪.૦૫.૨૦૨૦ અન્વયે ઓડિટ રીપોર્ટ મુજબ અરજદાર દ્વારા કરાયેલ વીજવપરાશના પેન્ડીંગ યુનીટ (૮૮૫૯૪ – ૨૯૧૫૫ = ૫૯૪૩૯) નું રૂ.૩૫૬૬૩/૪૦ નું બીલ અરજદારના વીજવપરાશ સાથે સુસંગત જણાયેલ છે, સદર બીલ અરજદારને આપવામાં વિલંબ થયેલ છે જે અન્વયે પી.જી.વી.સી.એલ.ની રજૂઆત મુદ્દા નં ૩.૫ ગ્રાહ્ય રાખવામાં આવે છે આમ, પી.જી.વી.સી.એલ. દ્વારા અપાયેલ સદર બીલની રકમ અરજદારે નિયમાધીન ભરપાઈ કરવાને પાત્ર છે. લેબોરેટરી રીપોર્ટના આધારે અપાયેલ પેન્ડીંગ યુનીટના વીજબીલની કુલ રકમ રૂ.૩૫૬૬૩/૪૦ ના ૦૨ (બે) સરખા વ્યાજ વગરના માસિક હપ્તા કરી આપવા ફોરમ દ્વારા નિર્ણય કરેલ છે, જે અન્વયે અરજદારે પ્રથમ હપ્તા અને બીજા હપ્તાની રકમ અનુક્રમે તા.૧૫-૦૫-૨૦૨૨ અને તા.૧૫-૦૬-૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરવાની રહેશે, અન્યથા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવી.

વધુમાં સદર કેસમાં પી.જી.વી.સી.એલ. દ્વારા સવાલવાળા મીટરના લેબોરેટરી રીપોર્ટ તા.૧૪.૦૫.૨૦૨૦ મુજબ પેન્ડીંગ યુનીટની જાણકારી અરજદારને સમયસર આપી અને બિલીંગ ખાતામાં ઉધારવામાં આવેલ હોતતો સદર તકરાર ઉદ્ભવેલ ન હોત, વધુમાં અરજદારના સદર વીજજોડાણમાં વીજભાર નિયમિત કરવા અંગે કોઈ કાર્યવાહી કરાયેલ હોય તેવા આધાર-પુરાવા રજુ કરાયેલ નથી. જેથી સદર બાબતે જવાબદાર અધિકારી / કર્મચારી સામે સદર બેદરકારી બદલ કંપનીના નિયમ મુજબ પી.જી.વી.સી.એલ. દ્વારા કાર્યવાહી કરવી.

૪.૧૧ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૧૦ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૧૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Joshi Nitinku.

(એન.એચ.જોષી)

સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)

ચેરપર્સન

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.